

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ગાય દોહીને, જેટલી કૂતરાંને પીવડાવે છે,*
*માંદલી ને મરેલી બેન્કોને પરાણે દોડાવે છે.*
*જીવડાવે જેમતેમ વેન્ટીલેટર પર રાખી -*
*માલ્યાઓ મ્હાલે છે મફતમાં, પ્રજાને રડાવે છે...*
*(બેન્કોને દિવાળી બોનસ)*

### હાઈકુ

*અંતિમ શ્વાસે,*
*તરફડતી બેન્કો -*
*ને ઈંજેકશન...*

*અર્થતંત્રને -*
*મળ્યું જીવાદોરીનું*
*આ ગંગાજળ...*

*(બેન્કો ને મળી કરોડોની લ્હાણી)*

### ચિંતન

*ઈશ્વરઃ સર્વનિર્માતા ન ઈહ અન્ય ઈતિ નિશ્ચયી ।*
*અન્તર્ગલિતસર્વાશઃ શાન્તઃ ક્વ અપિ ન સજ્જતે ॥*

**ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.**

**સર્વ કાંઈ સર્જન કરનાર ઈશ્વર છે, ને અન્ય કોઈ નહીં, તેમ નિશ્ચયપૂર્વક જાણીને જેની બધી આશાઓ ગળી ગઈ છે, તેવો શાંત પુરુષ, ક્યાંક પણ આસક્ત થતો નથી.**

**સમગ્ર બ્રહ્માંડનું, સૃષ્ટિનું સર્જન કરનાર ઈશ્વર જ છે, એટલે કે પરમ તત્ત્વ જ છે ને બીજું કોઈ નથી, એમ જેણે નિશ્ચયપૂર્વક જાણ્યું છે, તેને જ ઈશ્વર ના હોવામાં પૂરેપૂરી શ્રદ્ધા પણ છે. તે જ સાચો આસ્તિક છે. તેને પછી કોઈ આશા, ઈચ્છા, અપેક્ષા રહેતાં જ નથી. આશા, ઈચ્છાનું હોવું એટલે જ ઈશ્વરની રચનામાં બધું બરોબર નથી, પર્યાપ્ત નથી. ના અસ્તિત્વમાં શ્રદ્ધા ઓછી અને અહં વધુ. જ્યાં શ્રદ્ધા પૂરેપૂરી છે ત્યાં અહં પણ રહેતો નથી. અને અહં જ નથી ત્યાં અપેક્ષા, ક્યાંથી હોય. આમ એવો શાંત પુરુષ કે જે ક્યાંક પણ આસક્ત થતો નથી.**

### સુવિચાર

- બહતે જાઓ... તૈરને કી કોશિશ કરોગે તો થક જાઓગે - **રજનીશ**
- બળવાન તે નથી, જે બીજાઓને પાડી નાખે, આપણામાં બળવાન તે છે, જે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખે - **મહંમદ પયગંબર**
- ખીલવા ન દે તે ભય અને કરમાવા ન દે તે પ્રેમ - **રત્નસુંદર વિજયજી મહારાજ**
- ભયના સિક્કાની બીજી બાજુ ઉપર ક્રૂરતાની છાપ હોય છે - **કાંતિ ભટ્ટ**
- અહંકારનું વિસર્જન કરવાથી જ જ્ઞાન વિદ્યા સાર્થક બને છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે દિવસે તમે તમારી જવાબદારી પૂરેપૂરી ઉપાડી લો છો, બહાનાબાજી બંધ કરી દો છો એ દિવસથી તમે શિખર ભણી સફર શરુ કરો છો - **ઓ.જે. સિમ્પસન**
- આજનું ઔષધ : તાવ ઉતરતો ન હોય તો રીંગણ કાપી પગના તળિયે ઘસવું. રીંગણ કાળુ પડી જાય એટલે એટલો ભાગ કાપી ફરીથી ઘસવું, આમ ૬-૭ વાર કરવાથી તાવ ઉતરી જાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

એક ગુરુને ચાર શિષ્યો હતા. ગુરુએ પરિક્ષા કરવા ચારેય ને બોલાવીને કહ્યું, 'જાવ એક કલાકમાં કોયલા (કોલસા)ના ટુકડાને સફેદ કરી લાવો.' પહેલો શિષ્ય ને થયું કોલસો કદી સફેદ થતો હશે? એમ વિચારી કોલસા કચરામાં ફેંકી દીધા, બીજાએ કોલસાને ઘસી ઘસીને ધોયા છતાં કોલસો કાળો જ રહ્યો એટલે થાકીને પ્રયત્ન છોડી દીધો, ત્રીજા શિષ્યે કોયલાનો ભૂકો કર્યો. ભૂકાને ગરમ પાણીમાં નાખી સાબુના પાઉડર ભેળવી ધોયા પણ તોયે કાળાશ ન ગઈ. ચોથા શિષ્યે અગ્નિ પેટાવીને કોયલાને તેમાં મુકી દીધો. થોડીવારમાં કોલસો રાખ થઈ ગયો એની રાખ સફેદ રહી પણ કોલસાની કાળાશ ન રહી. ચારેની વાત સાંભળી ગુરુએ કહ્યું, 'સંસારમાં આ પ્રણામે ચારે પ્રકારના માણસો હોય છે.' (૧) ભોગવિલાસમાં જીવન વેડફી નાખે છે, (૨) પ્રભુભક્તિ અને ક્રિયાકાંડ કરે છે, પરંતુ આત્માની ઓળખ ન હોવાથી તેને ધાર્યું પરિણામ આવતું નથી. (૩) તપ-જપથી કાયાને દમી નાખે છે પરંતુ આત્માનો સાક્ષાત્કાર ન થવાની તેની ગતિ સ્વર્ગ સુધી પહોંચે ને અટકી જાય છે. (૪) શુભ અને અશુભ, પુણ્ય અને પાપ એ તમામ કર્મોને બાળી નાખે છે અને તે શુદ્ધ, બુદ્ધ તથા મુક્ત બને છે.'

ચારેય શિષ્યને કોલસાનો પાઠ સમજાયો અને ગુરુને વંદન કર્યા.

# નઘરોળ બેજવાબદારીનો નાદર નમૂનો

**તંત્રીસ્થાનેથી...**

એશિયાની સૌથી મોટી હોસ્પિટલ તરીકેની ઓળખ ધરાવતી અમદાવાદની સિવિલ હોસ્પિટલ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આશીર્વાદરૂપ ગણાતી રહી છે. પરંતુ એમાં ચાલતી બેદરકારીભરી વર્તણૂક અનેક વાર ટીકાનું કારણ પૂરું પાડતી રહી છે. સામાન્ય રીતે જેને દેવું કરીને સારવાર કરાવવી પડતી હોય એવો પ્રજાનો નીચલો થર જ નાછૂટકે આપણે ત્યાં સરકારી દવાખાને જવાનું પસંદ કરતો હોય છે. સિવિલ હોસ્પિટલના તજજ્ઞ તબીબોથી લઈ એના ચોથા વર્ગના કર્મચારી સુદ્ધાં આ બાબત જાણે છે. સરકાર અબજોના ખર્ચે સરકારી હોસ્પિટલોને સુસજ્જ રાખવા પ્રયત્ન કરતી રહે છે, પરંતુ એનું ધાર્યું પરિણામ ભાગ્યે જ સાંપડે છે. એની સામે સરકારની ઓછીવત્તી ગ્રાન્ટ અને દાતાઓનાં ડોનેશનથી ચાલતી ટાંચાં સાધનોવાળી ટ્રસ્ટ હોસ્પિટલોમાં વધુ સારી તબીબી સારવાર મળતી હોય છે. એથી માત્ર છેવાડાના સાવ જ નિરાધાર દરદીઓ કાં તો ખાનગી ડૉક્ટરો દ્વારા નાછૂટકે રિફર કરાયેલ સિરિયસ કેસો જ સિવિલ હોસ્પિટલ જેવી સર્વસાધન-સંપન્ન હોસ્પિટલનાં પગથિયાં ચડતાં હોય છે. અલબત્ત, સિવિલ હોસ્પિટલમાં વીવીઆઈપી વર્ગ માટે અલાયદી વ્યવસ્થા છે. હાલ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી પણ એ જ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસો દરમિયાન સિવિલ હોસ્પિટલમાં બાળકોનાં મૃત્યુની ઘટનાથી સ્વાભાવિક રીતે જ ગુજરાતની ઈમેજ ખરડાઈ છે.

સરકાર અને સિવિલ હોસ્પિટલના તંત્રવાહકો બરાબર વિધાનસભાની ચૂંટણી ટાણે જ પ્રજા અને વિપક્ષના આક્રોશનો ભોગ બન્યાં છે. આવા મુદ્દે રાજકારણ ન જ થવું જોઈએ, પરંતુ સરકારે અને સિવિલના તંત્રવાહકોએ પણ આવા મુદ્દે લૂલો બચાવ ન કરવો જોઈએ બલકે નિખાલસતાપૂર્વક પોતાની બેદરકારી બદલ પ્રજાની ક્ષમા માગવી જોઈએ. એક સાથે આટલી મોટી સંખ્યામાં શિશુઓનાં મોત એ ગુજરાતની શરમ ગણાવી જોઈએ. વિકાસના ગુજરાત મોડલનું આ જ સ્વરુપ હોય તો તે ભાગ્યે જ કોના ગળે ઊતરશે. કેરળમાં શિશુ મૃત્યુ દર સૌથી નીચો કેમ છે અને ગુજરાતમાં એ સૌથી વધારે કેમ છે - એની તલસ્પર્શી તપાસ થવી ઘટે. સંશાધનો ઉપલબ્ધ ન હોય તો એવી હોસ્પિટલને એશિયાની સૌથી મોટી હોસ્પિટલ કહેવાને બદલે 'મોતનો કૂવો' જ કહેવી પડે. વળી વધુ પડતા ઉત્સાહમાં આવી જઈ જિલ્લા દીઠ મેડિકલ કૉલેજોનાં કમઠાણ ઊભાં કરતાં પહેલાં જરૂરી સ્ટાફની વ્યવસ્થા કરવી જોઈએ. સાગમટે સેંકડો ડૉક્ટરોની અફરાતફરી કરીને પ્રજા આગળ 'વિકાસ'ની ગુલબાંગો પોકારવાની પ્રતિક્રિયા આવાં બાળમરણ સ્વરુપે આવતી હોય તો એથી વધુ કમનસીબ બીજું શું હોઈ શકે ? જે બાળકો આવી નઘરોળ બેદરકારીનો બલિ બની ગયા છે એમનો જીવવાનો મૂળભૂત અધિકાર છીનવીને આપણે અક્ષમ્ય અપરાધ આચર્યો છે - એવા અપરાધબોધ સાથે આવી દુર્ઘટનાનું ફરી ક્યારેય પુનરાવર્તન ન થાય, એવો સંકલ્પ કરીને એ પાપનું પ્રાયશ્ચિત કરીએ.

# નવા સોફ્ટવેર્સ આવ્યા અને દુનિયા આખી ઝડપી બની ગઈ

### આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com



વીસ-પચીસ વર્ષ પહેલાં દોરડા વગરના એટલે કે મોબાઈલ ફોન, ૨૪ કલાકની ટીવી ચેનલો કે પછી આકાશવાણી – રેડિયો સિલોન સિવાય અન્ય રેડિયો વગેરે વાતની કલ્પના પણ સામાન્ય માનવી નહોતો કરતો. પણ આજે હવે ટેકનોલોજીકલ બુમના જમાનામાં એ વાસ્તવિકતા બની ગઈ છે. ૧૫-૨૦ વર્ષ પછીના કોઈ પરિવારની કાલ્પનિક દ્રષ્ય આવુ પણ હોઈ શકે છે. પાંચ-સાત વર્ષનો ટેણીયો જો બા કે દાદાની આંખમાં આંસુ જોશે તો આશ્ચર્યચકિત બનીને ભાઈને કે બહેનને કે મિત્રોને બુમો પાડીને કહેશે કે, 'હેઈ લુક, ધેર ઈઝ સમ વોટર ડ્રોપ ફ્રોમ માય ગ્રાન્ડમધર ઓર ગ્રાન્ડ ફાધર... સમ ડીફેક્ટ ઈઝ ધેર ઈન આઈ શટર' જી, હા ટેકનોલોજીના વપરાશે



દુનિયાને ઈમોશન અને ફીલીંગ્સની સમજ કદાચ બુઠ્ઠી કરી નાખી હશે કે પછી વધુ સચેત પણ કરી દીધી હશે... ખેર એ તો સમય જ કહેશે.

એકાદ બે દાયકા પૂર્વે જે વાતો અસંભવ અને અશક્ય લાગતી હતી એ પૈકીની પાંચ વાતો આજે જીવનના અભિન્ન અંગો બની ગઈ છે. જેમાં સૌથી પહેલો નંબર મોબાઈલ ફોનનો આવે. ઈ-માર્કેટ સર્વે મુજબ ૨૦૧૬માં વિશ્વમાં ૪.૩૦ બિલીયન લોકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હતા. જે વિશ્વની ૫૮.૭ ટકા વસ્તી થવા જાય છે. આ આંકડો ૨૦૨૦માં ૪.૭૮ બિલીયન ઉપર પહોંચશે. એવો અંદાજ છે. બીજો કરીશ્મા છેલ્લા બે-એક દાયકામાં એ થયો કે મોબાઈલ ફોન ઉપર ૨૪ ૮ ૭ ચાલનારા એફએમ રેડિયોનો લોકો ઉપયોગ કરતા થયા. માણસ ૨૪ કલાક ચાલતી ટેલીવિઝન ચેનલ્સ જોતો થઈ ગયો છે એ ત્રીજી અજાયબ બાબત છે. ૧૯૯૧ સુધી માત્ર દૂરદર્શન મુખ્ય ચેનલ હતી આજે ૮૦૦થી વધુ ટીવી ચેનલો છે. ધર્મ, સ્પોર્ટ્સ, ન્યુઝ, મનોરંજન, સંગીત, નૃત્ય, ફૂડ, મુવી વગેરે અનેક વિષયને લગતી અલગ અલગ ચેનલો આજે ભરપૂર માત્રામાં જોવાય છે. તમે બેંકીંગ અવર્સ સિવાય જે સમયે ઈચ્છો ત્યારે બેન્કમાં નાણા જમા કરાવી શકો અને નાણા બેંકમાંથી ઉપાડી શકો એ બે-ત્રણ દાયકા પહેલા કોઈ કલ્પી પણ નહોતું શકતું. ૧૯૮૭માં મુંબઈમાં HFBCનું પહેલું ATM મુકાતાં બેંકીંગ ક્ષેત્રે એકદમ નવા પ્રકારના યુગનો પ્રારંભ થયો. આ ચોથી વૉલ્યુશનરી બાબત બની. નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ના જણાવ્યા અનુસાર આજે ભારતમાં અંદાજે ૧,૦૪,૫૦૦ જેટલા છ્સ્ ઉપર નાણાકીય વ્યવહાર થાય છે. સેકંડોમાં સંદેશાની અને ચિત્રોની આપલે આજના યુગનો સૌથી મોટો બદલાવ છે. વોટ્સએપ, એફબી, ઈન્સ્ટાગ્રામ, ટબલર, ઈ-મેઈલ, યુ-ટ્યુબ જેવા સોશ્યલ મીડિયા દ્વારા વ્યક્તિ આજે હજારો માઈલોના ભૌગોલિક અંતરને અતિક્રમી ગયો છે.

આજે કોમ્પ્યુટર કે ઈન્ટરનેટ પાંચ મિનિટ પણ અટકે છે તો વ્યક્તિનો જીવ ગુંગળાવા લાગે છે. જેમ શરીરનું સંચાલન આત્મા કરે છે એમ કોમ્પ્યુટર-મોબાઈલ શરીરનું સંચાલન સોફ્ટવેર રૂપી આત્માથી થાય છે. અલગ અલગ પ્રકારના સોફ્ટવેરની અલગ અલગ કિંમત હોય છે. કોમ્પ્યુટરને સ્માર્ટ વકહ્લગ કરતા કરવા માટે દીવાળી પછીના સમયમાં મોંઘા મોંઘા સોફ્ટવેર ખરીદવાનો વિચાર કરતા હોવ તો એકવાર ઓનલાઈન ફ્રીમાં મળતા આ પાંચેક સોફ્ટવેર ઉપર નજર કરી લેવા જેવી ખરી.

- પ્રોફેશનલ મ્યુઝિક સ્ટુડિયોમાં જે સોફ્ટવેર ઉપયોગમાં લેવાય અને સાઉન્ડ ઈફેક્ટ મળે એવા અદભુત અવાજની ફ્રિકવન્સી આપતુ સાઉન્ડેશન સોફ્ટવેર છે. આમાં ૬૦૦ થી વધુ ફ્રી ઓડિયો લુપ્સ છે. એક ફ્રી એકાઉન્ટ દ્વારા ગીતો સેવ કે પબ્લીશ કરી શકાય છે. આ માટે www.soundation.com વેબસાઈટની મુલાકાત લેવી પડે.
- pdfની કેટલીક મર્યાદાઓ હોય છે. આ મર્યાદાઓ www.pdfunlock.com ની મદદથી દૂર કરી શકાય છે. ફાઈલો એક સાથે જોડી શકાય છે. વોટરમાર્કિંગ, કંપ્રેશન, રોટેશન કરી શકાય છે.
- નવી ઈમેજ બનાવવી, અપલોડ કરવી, એક સાથે ઘણી છબી ખોલવી, વગેરે માટે http://pixir.com/editro સોફ્ટવેર ઉપલબ્ધ છે.
- www.zoho.com ઓફિસ વર્કને આસાન બનાવે છે. Ms office, સ્પ્રેડશીટ, પ્રેઝન્ટેશન, ડેટાબેઝ, અને રીપોર્ટસ જેવા કચેરી કામો માટે આ સોફ્ટવેર ઉપયોગી છે. આ

**અનુસંધાન પાના નં. ૫ પર**

# રાત'દિ ચાલુ છું ત્યાનો ત્યાં જ છું, મારું જીવન જાણે કે ચકડોળ છે...

### વિચારયાત્રા

ડો. જય ઓઝા



હમણાં જ દિવાળી, બેસતુવર્ષ જેવા તહેવારો ગયા, એકબીજાને મળવાનો, માણવાનો, ગળે લગાવવાનો અવસર હમણાં જ હજી ગયો છે, ત્યારે ઘણા એવા પળ કે ક્ષણ આવી જાય કે પછી એવા ઉદાર વ્યક્તિ કે, માહોલ જોવા મળી જાય ત્યારે વિચાર આવે છે કે માણસ આટલા બધા માણસો વચ્ચે સાવ એકલો છે, એકલવાયો છે. લગ્નસમારંભ હોય, મોટા-મોટા અધિવેશન હોય પણ આ માણસોની ભીડમાં પણ આપણે એકલા પડી જઈએ છીએ. આખા દિવસની દિનચર્યાથી કંટાળો આવે છે, રોજ એવું એ જ શિષ્ટાચાર ભર્યું સ્મિત, અણગમતા લોકોનો સહવાસ અને જીવનની આ મેરેથોન દોડમાં પાછળ ન રહી જઈએ તેની સતત ચિંતામાં તમે અને હું દોડતા-દોડતાં એક ચોક્કસ તબક્કે આવીને તંગ થઈ જઈએ છીએ, હૃદય પોકારી ઊઠે છે બસ! ખલિલ ધન તેજવી કહે છે તેમ -

*રાત'દિ ચાલુ છું ત્યાંનો ત્યાં જ છું,*
*મારું જીવન જાણે કે ચકડોળ છે.*

શા માટે મુઝવણ અનુભવીએ છીએ તે ખબર નથી તેની પાછળ અલગ મૂંઝવણ છે.

એકલતા ઘણા સંદર્ભોમાં, પરિસ્થિતિમાં, સંભવી શકે છે. ઘણીવાર વિદ્યાર્થી ભણવામાં હોંશિયાર ન હોય, બોલવામાં ઠાવકો ન હોય, એવા રાંક છોકરાને શાળાના તેના મિત્રો અને ઘણીવાર શિક્ષકો પણ બોચિયો અને ઠોઠ કહીને એકલો પાડી દે છે, રમત-ગમતમાં, બીજી પ્રવૃત્તિઓમાં તેને કોઈ સાથે નથી રાખતું, જાણે નાત બહાર કાઢ્યો હોય તેમ વ્યવહાર થાય છે, આવા સંજોગોમાં તે બાળકની માનસિકતા કુંઠિત થઈ જાય છે, અને ધીરે ધીરે તેને પોતાની જાત પરથી જ વિશ્વાસ ઊઠી જાય અને જેને -

*ખુદનો ભરોસો હોય રે નહીં જેને,*
*ખુદાનો ભરોસો નકામો.*

અને પછી તે પોતાની આસપાસ વર્તુળ રચી દે છે, અને મોટેભાગે એકલો રહેવાનું પસંદ કરે છે.

ઘણા વળી એવા પણ જોવા મળે છે જે સામેથી કુહાડી પર પગ મારે છે. આવા મૂડી લોકો કોઈની સાથે ભળતા નથી અને કોઈ સામેથી પ્રયત્ન કરે તો નો એન્ટ્રીનું બોર્ડ મારી દે છે. કદાચ સંબંધો અને સગપણની જવાબદારીમાંથી છટકવા માટે આવું કરતા હશે કોને ખબર ! પણ આ લોકોને મીંઢા કહી શકાય ખરા !

અગાઉ કહ્યું તેમ લગ્નપ્રસંગ હોય, શરણાઈ વાગતી હોય, પ્રયત્ન રીતે તો આનંદિત વાતાવરણ છે. પણ અંદરથી તમે કાંઈક ખળભળાટ અનુભવો છે અને એકલતામાં સરી પડાય છે. ત્યારબાદ આ એકલતાને દૂર હટાવવાના પ્રયત્નોમાં અટકાયા કરીએ છીએ. સિગારેટ, ચા, કોફી, પાર્ટી, ડાન્સ, પિકચર આ બધા એકલતાને દૂર કરવાના ક્ષણિક સાધનો બની રહે છે. પણ એકલતાને ટાળવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે એ મથામણને અંતે માણસ વધુ પડતો એકલો થઈ જાય છે. ભૂતકાળમાં વિચારો, વર્તમાનની મૂંઝવણ અને ભવિષ્યની ચિંતા કરતા આપણે ટળવળતા રહીએ છીએ. એકલતાની પાછળ ઘણીએ વાર કોઈ આપી શકાય તેવું કારણ નથી હોતું.

જે મેળવવા માટે સર્વસ્વ લગાવી દીધું હોય અને તે જયારે આપણને ન મળે ત્યારે તે સમયની એકલતા વધુ ભયંકર હોય છે, તમારા નિષ્ફળ પ્રયત્નને જગત હસી કાઢે છે! અને કાલ સુધી જે તમારી સાથે હતા તે પળમાં જ પાટલી બદલીને તમારા ટીકાકાર બની જાય છે, 'અમે તો પહેલેથી જ કહેતા હતા, આવા ગાંડા સાહસ ન કરાય!'

તમે બગીચામાં કોઈ વૃદ્ધને બાંકડા ઉપર બેઠેલા જોયા છે? જીવનની ઢળતી સાંજે થાકીને, જયારે ખરેખર તેમને કોઈ સધિયારા જરૂર હોય છે ત્યારે એકલા શૂન્યમનસ્ક થઈને બેઠા હોય છે. આવા કોઈ વૃદ્ધને જોઈને મારું હૃદય દ્રવી ઉઠે છે, અને ન્યાયાસ જે તેમની આ દુર્ગતિના જવાબદાર માટે અભિશાપ નીકળી જાય છે. એમ થાય છે કે એમને જઈને પૂછી આવું કે દાદા કેમ છો ? બી.પી. નોર્મલ રહે છે ને ! ડાયાબિટીસ કંટ્રોલમાં છે ને ! તેમને જતનપૂર્વક તૈયાર કરેલી લીલીવાડીમાં હવે 'ચાડિયા' થી વિશેષ કોઈ ભૂમિકા તેમના શિરે નથી આવતી.

પણ આ એકલતાનો રોગ અસાધ્ય નથી, તેનો રામબાણ ઈલાજ છે - એકાંત નવાઈ લાગે છે ને ! પણ સરખા જ લાગતા આ બે શબ્દો વચ્ચે જોજનોનું અંતર છે. એકલતા અને એકાંત જોસેફ રાઉફસે કહ્યું છે કે - એકલતા મારી નાખે છે, એકાંત સજીવન કરે છે.

એકાંતમાં માનવી પોતાની જાત સાથે સંવાદ કરીને કપડામાં કપરી ક્ષણોનો ઉકેલ મેળવી શકે છે. એકલતામાં તમે ઉપરથી શાંત દેખાવ પર અંદરથી શોર-બકોર બરાડા પાડતો હોય છે, પરંતુ એકાંત સ્થિતિમાં બહારનો પુષ્કળ ઘોંઘાટ પણ તમને ચલિત નથી કરી શકતો. આને એકાંત કહેવાય તેઓ પણ જયારે ખ્યાલ ન રહે એવી સ્થિતિ આવે તે એકાંતની ઉત્તમ સ્થિતિ છે. એકાંત માટે ઉત્તમ માધ્યમ ધ્યાન અને પ્રભુ - સ્મરણ છે.

ધ્યાનમાં ખલેલ ન પડે તે માટે આપણે બાળકને શાંત કરી શકીએ, ટી.વી. બંધ કરીએ છીએ, રેડિયો બંધ કરીએ છીએ, પણ જરૂર છે મન શાંત કરવાની, વિચારો બંધ કરવાની.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# કોણે પથ્થર માર્યો...?

### અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર



'કોણ છે એ ?'

'કોણે પથ્થર માર્યો ?' 'મારી નવી નક્કોર કાર પર કોણે પથ્થર માર્યો?' 'સાહેબ, માફ કરજો, મેં જ તમારી ગાડીને પથ્થર માર્યો.' ફૂટપાથ પર ઉભેલા દસેક વર્ષના બાળકે ડૂસકાં ભરતાં કહ્યું હતું.

એક માણસે, અત્યંત મોંઘી લકઝુરિયસ કાર ખરીદી હતી. નવી ગાડી લઈને ફુલ સ્પીડે હંકારી રહયાં હતા. કાર દોડી રહી હતી ત્યાં રસ્તાની બાજુએથી કોઈએ પથ્થરનો ઘા કર્યો હતો. કાર ચાલકે તરત બ્રેક મારી હતી. કારની એક સાઈડ પર ગોબો પડી ગયો હતો.

ગુસ્સામાં ને ગુસ્સામાં કાર ઘુમાવી જયાંથી પથ્થર પડયો હતો ત્યાં જઈને બ્રેક મારી હતી. ફૂટપાથ પર દસેક વર્ષનો છોકરો રડી રહ્યો હતો.

'હા, સાહેબ મેં જ તમારી કારને....' લાફો ઝીંકી દેવા હાથ ઊંચો થયો જ હતો કે છોકરો ચોધાર આંસુએ રડી પડયો. 'માફ કરજો, સાહેબ !' 'કેમ ? શા માટે ? મારી નવી નક્કોર કારને...!'

'સાહેબ, મારો મોટો ભાઈ અપંગ છે, તેને વ્હીલચેરમાં બેસાડી ને જતો'તો.' અચાનક તે પડી ગયો. મેં કોશિશ કરી. પણ મારાથી તે ઊંચકાયો નહિ. આજુબાજુ કોઈ માણસ નહોતુ દેખાતુ. મેં હાથ ઊંચો કરીને ગાડીઓ ઊભી રખાવવા ઘણી કોશિશ કરી. પરંતુ.....! છેવટે ગાડીને પથ્થર મારવાનું નક્કી કર્યુ અને તમે....! તમારી ગાડી..... !...મારાથી ..!'

આંસુભરી આંખે, તૂટક તૂટક શબ્દોમાં છોકરાએ કહેલી વાત સાંભળી કારચાલક સ્તબ્ધ થઈ ગયો. તેણે છોકરાના મોટાભાઈને ઊંચકી વ્હીલચેરમાં મૂકયો. નાનકડા હાથે વ્હીલચેરને ધક્કો મારીને જઈ રહેલા છોકરાને એ જોઈ રહયો. માનવી એની ભૂલોમાંથી શીખતો હોય છે. ભૂલોની પરંપરા તેને અનુભવી બનાવે છે. કાર્ય કરવું, ભૂલો કરવી ને એ રીતે સફળતાનો માર્ગ તૈયાર કરવો. મોંઘી લકઝુરિયસ કારના માલિકે મોટી કબૂલાત કરી. પથ્થર વડે મોંઘી કાર પર જે ગોબો પડયો હતો એ એણે આજદિન સુધી રિપેર નથી કરાવ્યો. કારણ કે આ ઘટના એને હંમેશા યાદ રાખવી હતી. કયારેય એટલા ઝડપથી ન દોડવું કે કોઈએ મદદ માટે ઊંચો કરેલો હાથ ન દેખાય. કોઈએ મદદ માટે પાડેલી બૂમ ન સંભળાય કે પછી કોઈએ મદદ માટે કરેલો ઈશારો ન સમજાય.

રસ્તો હોય કે જીવન માણસે હંમેશા ચાલતા રહેવું જોઈએ. સાથે સાથે આસપાસ પણ જોતા રહેવું જોઈએ. વૈષ્ણવ જન તો તેને રે કહિયે જે પીડપરાઈ જાણે રેપ..ગમે તેટલી ફાસ્ટ રફતારથી જતાં હોઈએ છતાં 'પીડપરાઈ' નહિ જાણી શકીએ તો કયાંકથી પથ્થર પડવાનો જ છે. ગાડીની સ્પીડ એટલી જ રાખવી ઘટે કે કોઈકની લાગણીને સમજી શકીએ. પરસેવાથી મેળવેલી ગાડીમાં ફરવાનો આનંદ ત્યારે જ આવી શકે જયારે પર સેવા સાથે જોડાયેલા રહીએ. પરાઈપીડને જો નહિ અનુભવી શકીએ તો કયાંકથી પથ્થર આવવાનો જ શકય છે કદાચ એ પથ્થર ભગવાનનો પણ હોય !

**મિસરી**

"એતો બની ન શકતે, જગતમાં કળા વિના
સમજાઈ જાય વાત, અનુભવ થયા વિના"

**- મરીઝ(જન્મ શતાબ્દી વર્ષ)**

- santoshdevkar03@gmail.com

# ભવ્ય જીવન આચારોથી જીવી ગયા હતા સરદાર વલ્લભભાઈ પટેલ

### અજવાળું - અજવાળું

તુષાર જોશી



'મેં તો હિન્દીભાષી હું, મગર ફિર ભી ગુજરાતી કાફી સમજ લેતા હું... આજ આપકી પ્રસ્તુતિને મુજે ઈમોશનલ બના દિયા ઔર સરદાર સાહેબ કે બારે મેં વિશેષ જાનકારી હાંસિલ કરને કા પ્રોત્સાહન ભી દિયા...'

મૂળ જબલપુરના અને હવે સિંગાપુર બેઈઝ MNC માટે કોમ્પ્યુટર એન્જીનીયર તરીકે અમદાવાદમાં રહીને કામ કરતા પિયુષ શર્માએ કલાકાર અને યજમાન રીટાબહેનને આદર સાથે પોતાની લાગણી કહી...

અવસર હતો નૂતન વર્ષે યોજાયેલા અન્નકુટ મહોત્સવો... ભારતીય સંસ્કૃતિ-કલા-સાહિત્ય અને રાષ્ટ્રપ્રેમથી સભર એવા રીટાબહેને આ નિમિત્તે એમના ઘરે 'સરદાર' શિર્ષક હેઠળ અનેક નોખા-અનોખા વાચિકમના સુંદર પ્રયોગનું આયોજન કર્યું હતું. પૂજ્ય મોરારિ બાપુના સાનિધ્યમાં અમદાવાદના ફનાટિકા ગ્રુપના ચિંતન પંડ્યા અને સાથી કલાકારોએ વાચિકમ રજૂ કર્યું ત્યારે કલાકારોની અભિવ્યક્તિ અને રજૂઆતથી જાણે સરદાર પટેલ આસપાસ હોય એવી અનુભૂતિ શ્રોતાઓને થઈ હતી.

કરમસદ ગામનો, આપણા ગુજરાતનો એક ધરતીપુત્ર નામે વલ્લભભાઈ પટેલે એટલે અખંડ ભારતના શિલ્પી, કુશાગ્ર બુદ્ધિશક્તિ, અદ્ભૂત મુત્સદીપણું, નિર્ભયતા અને છેલ્લા શ્વાસ સુધી રાષ્ટ્રભક્તિથી સભર વ્યક્તિત્વ. પ્રખર બુદ્ધિશાળી વલ્લભભાઈની વકીલાત ધીકતી હતી, પણ મહાત્મા ગાંધીના સરદારને ભારતના ભાગ્યવિધાતાના દર્શન થયા. વલ્લભભાઈએ સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય પ્રશ્નો ઉકેલ્યા.

એમની સંગઠનશક્તિ, વેધક, કટાક્ષો, હાજરજવાબીપણું, લોકજીવન સાથેનું તાદાત્મય અને દેશી રાજયોના એકીકરણ સમયની દીર્ઘદષ્ટિ જેવા ગુણો થકી એમણે ભારતના સમાજજીવન અને રાજકીય ચિત્રમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી.

સરદાર પટેલના જીવન પ્રસંગો, એમના ઉદ્બોધનો-એમના પત્રવ્યવહારોના અંશ અને એમના દીકરી મણીબહેનની સંવેદનાને ટૂંકમાં - સરળ છતાં પ્રભાવક ભાષામાં - પ્રવાહી રીતે વણીને વેધક અને ચોટદાર પ્રસ્તુતિ કરવામાં આવી હતી વાચિકમ માટેની કલાકારોની તૈયારી અને શ્રોતાઓનું તાદાત્મય આ બંનેના કારણે ૫૦ મિનિટની પ્રસ્તુતિ યાદગાર બની રહી હતી. કથાના પ્રવાહને અનુરુપ વાદ્યસંગીત સમગ્ર પ્રસ્તુતિને વધુ બરકટ બનાવનારા બની રહ્યા હતા.

સરદારે સાવ પાયાના કાર્યકર તરીકે શરુઆત કરી અને દેશના નાયબ વડાપ્રધાન સુધીના પદ પર પહોંચ્યા અને તે છતાં આ માટે કયાંકે તેમને ન તો કોઈ પ્રયત્ન કર્યો કે ન તો કોઈ મહત્ત્વાકાંક્ષા રાખી હતી. આ વાતને સરદાર વલ્લભભાઈ પટેલની આ વાચિકમ ગાથામાં સુપેરે વણી લેવામાં આવી અને એથીય વધુ પ્રતિબંધિત થયો સરદાર સાહેબનો રાષ્ટ્ર ધર્મનો રણકો...

ભારતના નકશાને નવો આકાર આપનારા ભારત ભાગ્ય વિધાતા, વિરલ વહીવટર્તા, બંધારણ ઘડતરના માર્ગદર્શક, મજુર પ્રકૃતિના ભેખધારી, શિસ્તપાલનના આગ્રહી, વિરાટ વ્યક્તિત્વ જેવા કેટકેટલા વિશેષણો જેમના નામ આગળ શોભે એવું દિવ્ય અને ભવ્ય જીવન વિચારોથી અને આચારોથી જીવી ગયા હતા સરદાર વલ્લભભાઈ પટેલ.

સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક, સ્વરાજ આશ્રમ જેવી અનેક સંસ્થાઓ કે શાળા-કૉલેજો દ્વારા યોજાતા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ અને યુવાનોમાં સરદાર પટેલની નિર્ભયતા અને સદાચાર, ત્યાગ અને તપસ્વીપણું જેવા ગુણો વિશે, એમના જીવન વિશે જાણકારી રેલાતી જોવા મળે છે. વધુ ને વધુ યુવાનો અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પ્રસંગોમાંથી પ્રેરણા મેળવતા થયા છે અને એ સમયે એમના વિચારોમાં અજવાળા રેલાય છે.

**તેજપૂંજ :**

તમે કદી એને બોલતાં સાંભળ્યા છે? એ શબ્દો નથી ઉચ્ચારતા. ભૂખથી ભરખાતી વિરાટ પ્રજાના હિજરાતા આત્માની તાકાતને એ એકત્રિત કરે છે એના શબ્દો શબ્દો નથી, કાર્યો છે.

**(ઉમાશંકર જોષીની કવિતામાંથી સંકલિત)**